આકાશવાણી ભુજ

સમાચાર વાચક : નેહલ ઠક્કર

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **14-11-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## પ્રધાનમંત્રી-જનઔષધિ કેન્દ્ર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે બિહારનાં દરભંગા ખાતેથી અમદાવાદના ચાંદલોડિયા રેલવે સ્ટેશન સહિતના દેશનાં વિવિધ રેલવે સ્ટેશનો પર 18 ભારતીય જનઔષધિ કેન્દ્રોનું ઉદઘાટન કર્યું. રેલવેમાં મુસાફરી કરતાં મુસાફરોને રાહતદરે આ જનઔષધિ કેન્દ્ર ઉપરથી દવાઓ ઉપલબ્ધ થશે. અમદાવાદના ચાંદલોડિયા રેલવે સ્ટેશન ખાતે આ પ્રસંગે સાબરમતીના ધારાસભ્ય હર્ષદ પટેલ અને અમદાવાદના મેયર ઉપસ્થિત રહ્યા હતા. અને રાજકોટ રેલવે સ્ટેશન ખાતે જન ઔષધિ કેન્દ્રનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું હતું.

**RNU** અમદાવાદ

---

## પં.જ્વાહરલાલ નહેરુ જયંતી

દેશના પ્રથમ સુકાની પંડિત જવાહરલાલ નહેરુની આજે 135 મી જન્મ જયંતી છે. બાળકો તરફના પ્રેમને લક્ષમાં રાખી  નહેરુ ચાચાની જન્મ જયંતિ બાળ દિન તરીકે મનાવાય છે. આજે પંડિત  નહેરુની ભુજ અને અન્ય સ્થળોએ આવેલી પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## ભુજ-રિજનલ સાયન્સ સેન્ટર

રિજનલ સાયન્સ સેન્ટર, ભુજ ખાતે આજે "લિટલ સ્માઈલ ફેસ્ટિવલ"નું આયોજન કરાયું છે. બાળ દિવસના આ મહોત્સવમાં બાળકો માટે મજા, આનંદ અને શીખવાનો અનુભવ ક્વિઝ, એનિમેટેડ મૂવી શો વગેરે રસપ્રદ કાર્યક્રમો યોજાશે. જેમાં ભાગ લેવા 7043924605 નંબર પર રજીસ્ટ્રેશન કરાવવા આયોજકો દ્વારા જણાવાયું છે.

**ચંદ્રવદન પટ્ટણી**

-----------------------------------------------------------------------

## વાવ વિધાનસભા-મતદાન

બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં ગઇકાલે શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતું. સવારે 7 કલાક થી મતદાન શરૂ થયું હતું. સાંજે 6 વાગ્યા સુધી મતદારો એ શાંતિ પૂર્ણ માહોલમાં

મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું. આ બેઠક પર ભાજપના સ્વરૂપજી ઠાકોર, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ સહિત કુલ 10 ઉમેદવારો મેદાનમાં હતા. ચૂંટણી પંચ દ્વારા સાંજે 6 વાગ્યા સુધીમાં કુલ 74 ટકા  મતદાન થયું હતું. 23 તારીખે મતગણતરી હાથ ધરવામાં આવશે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતે દક્ષિણ આફ્રિકાની ટીમને ત્રીજી ટી-20 મેચમાં હરાવી બે વિરુદ્ધ એકની સરસાઇ મેળવી છે. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવી 219 રન કર્યા હતા તિલક વર્માએ કારકિર્દીની પ્રથમ સદી નોંધાવી 107 રને અણનમ રહ્યા હતા. દક્ષિણ આફ્રિકાની ઝમકદાર રમતને લીધે મેચ રસાકસી ભરી બની હતી. દક્ષિણ આફ્રિકાની ટીમે 6 વિકેટ ગુમાવી 208 રન કરતાં માત્ર 11 રનથી પરાજય ખમવો પડ્યો હતો.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------

## પંચાયતી રાજ મંત્રાલય-નાણાપંચ સભા

પંચાયતી રાજ મંત્રાલય દ્વારા આજે નવી દિલ્હીમાં એક દિવસીય નાણ પંચ સભાનું આયોજન કરાયું છે. 'વિકાસ તરફ પ્રયાણ' વિષયવસ્તુ પર આધારિત આ સભાની અધ્યક્ષતા 16માં નાણાપંચના અધ્યક્ષ ડૉ. અરવિંદ પાનાગરિયા કરશે.

સભા દરમિયાન ગ્રામ્ય સ્તરે સ્થાનિક સંસ્થાઓમાં ભંડોળની અસરકારક ફાળવણીમાં રાજ્ય નાણાપંચની ભૂમિકા અંગે ચર્ચા કરાશે. આ ઉપરાંત તે ક્ષેત્ર સાથે જોડાયેલા મુખ્ય હિતધારકોને એક મંચ પર લાવશે. સભામાં 16માં નાણાપંચના સભ્યો, પંચાયતી રાજ મંત્રાલય, નાણામંત્રાલય તેમજ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ ભાગ લેશે.

**RNU અમદાવાદ**

---

## પશુધન વીમા સહાય યોજના

ગુજરાતનો પશુપાલક વીમા કંપનીને માત્ર ૧૦૦ રૂપિયા પ્રીમીયમ ચૂકવીને પોતાના પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકશે. પશુપાલકોને આર્થિક સંરક્ષણ પૂરું પાડવા રાજ્ય સરકારે નવી પશુધન વીમા સહાય યોજના અમલમાં મૂકી: હોવાનું પશુપાલનમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. આ યોજનાને વધુ અસરકારક બનાવવા ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અને ICICI લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપની વચ્ચે ગાંધીનગર ખાતે સમજૂતીના કરાર થયા હતા.

આ નવી યોજનાનો લાભ આપવા પશુપાલકો માટે આઈ-ખેડૂત પોર્ટલ આજથી એક મહિનાસુધી ખુલ્લું મૂકાશે અને પ્રતિ પશુપાલક ૧ થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે સહાય અપાશે પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના ૫૦ હજાર જેટલા પશુઓને આ યોજના હેઠળ આવરી લેવાનું સરકાર દ્વારા આયોજન કરાયું છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-મતદારયાદી સુધારણા

કચ્છમાં 17, 23 અને 24 નવેમ્બરના મતદારયાદી સુધારણા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે અને મતદારોને તેમના નામની સાથે આધાર નંબર લીંક કરી આપવામાં આવશે.

જિલ્લામાં તંત્ર દ્વારા ગત તારીખ 29 ઓક્ટોબરથી 28 નવેમ્બર સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ શરૂ કરાયો છે. કચ્છના જે મતદારોને 18 વર્ષ પૂર્ણ થઇ ગયા હોય તેવા યુવા મતદારો મતદાનમાં ભાગ લઇ પોતાનો કિંમતી મત આપી પસંદગીના વ્યક્તિને ચૂંટી કાઢે તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. પહેલી જાન્યુઆરી 2025ના જેમની ઉંમર 18 વર્ષ કે, તેનાથી વધુ થતી હોય તો તેવા મતદારો અચૂક મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવી શકે છે.

**RNU અમદાવાદ**

---